# માંડવા રોપાયાં ને મંડપ-મુહૂર્ત પણ થયાં ત્યાં કોરોના વિલન બની ત્રાટક્યો..!!

## કરફ્યુના પગલે ચૂંટણીના ચોતરે જામતા રાત્રિ ડાયરા ઠપ્પ થઈ ગયાં : વધુ એક ઉમેદવાર પોઝિટીવ આવતા કાર્યકરોમાં ચિંતાનો માહોલ : 'રાત થોડી ને વેશ ઝાઝા'ની જેમ ક્યારે પ્રચાર કરવો અને ક્યારે રણનીતિ ઘડવી તેની મુંઝવણ

ગાંધીનગર, તા. ૭

માંડવા રોપાઈ ગયા છે ને મંડપ મુહૂર્ત પણ થઈ ગયાં છે ત્યારે શહેરમાં જામેલા ચૂંટણીના માહોલમાં કોરોના વિલન બનીને ભંગ પડાવી રહ્યો છે. રાજ્યમાં વધેલા સંક્રમણને પગલે હાઈકોર્ટના નિર્દેશ બાદ સરકારે રાત્રિ કરફ્યુ સહિતના લાદેલા નિયંત્રણોથી એકાએક સમગ્ર ચૂંટણી માહોલ ફિક્કો પડી જવા પામ્યો છે અને આજે રાત્રિથી જ ચૂંટણી કાર્યાલયો સુમસાન થઈ ગયાં છે. જો કે સરકારના આ નિર્ણયથી શહેરમાં રાજકીય પક્ષોના મોટાભાગના કાર્યકરો જેઓ કમને ચૂંટણી પ્રચારમાં જોતરાઈ રહ્યાં હતા તેમના દિલના ખૂણે હાશકારો અનુભવાઈ રહ્યો છે કેમકે શહેરમાં વધુ એક ઉમેદવાર સંક્રમિત થયાં પછી રાજકીય કાર્યકરો અને ટેકેદારોમાં ચિંતાનું મોજું પ્રસરવા પામ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત જ્યારથી થઈ છે ત્યારથી જાણે કોઈની નજર લાગી હોય તેવી સ્થિતિ સર્જાવા પામી છે. સૌથી પહેલા ભાજપના પૂર્વ શહેર પ્રમુખ અને વોર્ડ નં. ૧૦ના ઉમેદવાર મહેન્દ્ર દાસ પટેલ કોરોના સંક્રમિત થયા બાદ હવે વોર્ડ નં. ૧૧ ના ઉમેદવાર ગીતાબેન પટેલ પણ કોરોના પોઝિટીવ આવતાં ભાજપના બેડામાં ફડક પેસી જવા પામી છે. આજથી આમ પણ રાજકીય પક્ષોના ચૂંટણી કાર્યાલયો રાત્રિના ૮ વાગ્યા પછી બંધ થઈ જવાના છે અને ચૂંટણી પ્રચાર પણ રાત્રે થઈ શકશે નહીં ત્યારે જે કાર્યકરો ચૂંટણી પ્રચારમાં ઘર-પરિવારનો વિરોધ હોવા છતાં પાર્ટીના પ્રેશરને કારણે કમને આવતા હતા તેઓ થોડી રાહત અનુભવી રહ્યાં છે. હવે રાત્રિના સમયે જામતા ચૂંટણી ડાયરા સુમસાન બની જશે અને ઉમેદવારો માટે પ્રચાર માટે સમય ખૂટી પડશે તેમજ રેલી-સભા-સરઘસો આયોજન શક્ય નહી બને તેથી ચૂંટણી પ્રચાર ફિક્કો ફસ્સ બની જવાનો છે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. આમ પણ શહેરના સામાન્ય નાગરિકો હજુ પણ ચૂટંણીના માહોલમાં જોતરાયાં નહોતા અને તેમને કોરોના સંક્રમણની ભીતિ વધુ સતાવી રહી હતી ત્યારે જ હાઈકોર્ટના નિર્દેશને પગલે સરકારે જે આકરા પગલાં લેવાની ફરજ પડી છે તેના કારણે નાગરિકો હવે ચૂંટણીનું ભવિષ્ય શું હશે ?, યોજાશે કે મુલ્તવી રહેશે ? જેવી અટકળો બાંધવામાં વ્યસ્ત બન્યાં છે. વળી, અનેક નાગરિકો ઉમેદવારો તેમના ટેકેદારો સાથે પ્રચાર માટે અચાનક ઘરમાં ધસી આવતા હોવાની સ્થિતિથી કોરોના સંક્રમણનો ખતરો વધવાની ચિંતામાં મુકાતાં હતા તેઓ હવે રાહત અનુભવી રહ્યાં છે.

### એક તો મુરતિયા નવા ને જાનૈયા વધ્યાં થોડાં..!!!

આ વખતની મનપાની ચૂંટણીઓ ઉમેદવારો માટે ખૂબ કસોટીરૂપ સાબિત થઈ રહી છે, એક તરફ આ ચૂંટણીઓમાં સૌથી વધુ "ફ્રેશ" નવા ઉમેદવારો વધુ મેદાનમાં છે જેઓ હજુ પ્રચારનું મિકેનિઝમ સમજી રહ્યાં છે ત્યારે કોરોના સંક્રમણનો ખતરો વધતાં તેમની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. આમ પણ કોરોનાની બીકે કાર્યકરો અને ટેકેદારોની સંખ્યા પર અસર પડી હતી અને મોટાભાગના કાર્યકરો મ્હોં દેખાડવા પુરતા આવી વચ્ચેથી કોઈ બહાને છટકી જતા જોવા મળી રહ્યાં છે તેમાં પણ હવે રાત્રીના સમયે કાર્યાલય પર ચા-નાસ્તા-પાણી સાથેનો ડાયરો યોજી નહી શકાય તેથી પ્રચારની રણનીતિ ઘડવા, કાર્યોની સોંપણી કરવા તથા પરિસ્થિતિનો તાગ મેળવવા જેવી બાબતો માટે ઉમેદવારોને સમય પ્રાપ્ત થશે નહી તેથી હવે "નવા મુરતિયા ને જાનૈયા થોડા" જેવો ઘાટ સર્જાયો છે.

**મહાનગરનો મહાજંગ**

### જાન આવશે પણ કોઈને સામૈયામાં રસ નહીં હોય..!!

એક તરફ કોરોના સંક્રમણ અને બીજી તરફ સતત વધતી જતી ઉનાળાની ગરમી જેના પગલે ઉમેદવારો માટે હવે પ્રચારકાર્ય મુશ્કેલ બની જવા પામ્યું છે. આમ પણ ઉનાળાની બપોરે મતદારોને ઘરે ટકોરા મારવા એટલે મતદારોની નારાજગી વ્હોરવા જેવુ હતુ તેથી રાત્રિના સમયે થતા પ્રચાર પર બધો દારોમદાર હતો તે પણ હવે બંધ થઈ જતા માત્ર સવાર અને સાંજના સમયે જ પ્રચાર કાર્ય થઈ શકશે જે દરમ્યાન દરેક પક્ષના ઉમેદવારો વોર્ડ દીઠ ચાર-ચાર કરીને નીકળે એટલે નાગરિકો સંક્રમણના ડરે અણગમો દર્શાવે તેવા પુરા ચાન્સ છે એટલે જાન આવશે પણ કોઈને સામૈયુ કરવામાં રસ નહી હોય તેવી સ્થિતિ અનુભવાશે.







ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીને કોરોનાનુ ગ્રહણ નડ્યુ છે. ચૂંટણી યોજવા સરકાર મક્કમ છે પરંતુ ઉમેદવારો ચૂંટણી પ્રચાર યોગ્ય રીતે કરી શકતા નથી. મોટા નેતાઓની ગેરહાજરીમાં ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે. કુડાસણ ગામમાં વોર્ડ નં. ૯ ના કોંગ્રેસના ઉમેદવાર સોશીયલ ડિસ્ટન્સ સાથે પ્રચાર કરી રહ્યા છે. વોર્ડ નં. ૫ ના ભાજપના ઉમેદવારો સાથે મેયર રીટાબેન પટેલ પ્રચારમાં જોડાયા હતા. જ્યારે વોર્ડ નં. ૭ માં પણ ભાજપના ઉમેદવારો ડોર ટુ ડોર પ્રચાર કરી રહ્યા છે.

### હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**અમે, ચશ્માવાળા સોળ તજજ્ઞો સાથે અઢાર કલાકની હાઈ-પાવર મીટીંગ કરીને એ તારણ ઉપર આવ્યા છીએ કે... માસ્કને નીચું નહીં પણ નાક ઢંકાય તેમ પહેરવું.. બીજું કાંઈ થઈ શકે તેમ નથી...!!**

# સે-૧૭ સરકારી વસાહતમાં પાણી ફોર્સથી આવતુ ન હોવાનો આક્રોશ

## સરકારી મકાનોમાં ડહોળુ પાણી આવતુ હોવાનો રોષ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં ગરમીની મોસમ નિખરી રહી છે. ત્યારે સેકટરોમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. આકરી ગરમીના દિવસોમાં સેકટરોમાં પાણી ફોર્સથી મળતુ ન હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. સે-૧૭ માં છેલ્લા ઘણાં સમયથી સરકારી વસાહતમાં પાણીની પોકાર સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. આ વિસ્તારમાં પાણી ડહોળુ આવતુ હોવાથી પાણીની ગુણવત્તા સામે પણ સવાલો મંડરાયા છે.

ઉનાળાની આકરી ગરમીના દિવસોમાં કોરોનાન કહેર વચ્ચે સેકટરોમાં પાણીની પોકાર ઉઠી રહી છે. એકબાજુ કોરોનાના સંક્રમણ વચ્ચે ગરમીનો પારો પણ સતત ઉંચે ચઢી રહ્યો છે ત્યારે સેકટરોમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો રોષ નાગિરકો ઠાલવી રહ્યા છે. અગાઉ નવા સેકટરોમાં પણ પાણીની પોકાર ઉઠવા પામી હતી જ્યારે હાલ સે-૧૭ માં પણ છેલ્લા કેટલાક દિવસોથી પુરતા ફોર્સથી પાણી આવતુ ન હોવાનો રોષ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. શહેરના સે-૧૭ માં થોડા દિવસો અગાઉ જ આંતરિક માર્ગોનુ કામ પુર્ણ કરાયુ છે ત્યારે હાલ પાણીનો પ્રશ્ન મુખ્ય બન્યો છે. સેકટરમાં સ્થિત સરકારી આવાસોમાં પાણી આવતુ ન હોવાનો આક્રોશ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. સેકટરના છ કક્ષાના સરકારી આવાસોમાં રહેતા રહીશોના જણાંવ્યા મુજબ છેલ્લા ઘણાં સમયથી પાણીનો ફોર્સ ઘટી ગયો છે. જ્યારે કેટલીક વાર તો પાણી આવતુ જ નથી જ્યારે પાણી ફોર્સથી આવે ત્યારે પણ ડહોળુ આવે છે. આમ સેકટરમાં પાણીના ફોર્સની સાથે પાણીની ગુણવત્તાને અનુલક્ષી અનેક સવાલો મંડરાયા છે. ગરમીના દિવસોમાં પાણી પુરતા દબાણથી ન આવતા સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. જ્યારે પાણીની ગુણવત્તાને અનુલક્ષીને પણ યોગ્ય ચકાસણી કરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ કરી છે.

### ખૂણેખાંચરેથી

- આજે રાજ્યના તકેદારી આયુક્તશ્રી જિલ્લાના અધિકારીઓ સાથે ગુગલ મીટથી જોડાઈ અને જિલ્લાના પડતર કેસોની સમીક્ષા કરશે.
- ગાંધીનગર જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૫૫૧ લોકોને કોરોના વેક્સીનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં આચારસંહિતાના અમલને પગલે ૨૫૦૦થી વધુ પડદા-પોસ્ટર અત્યાર સુધીમાં દૂર કરવામાં આવ્યા છે.
- ગાંધીનગરમાં રાત્રી કરફ્યુનો આજથી અમલ શરૂ થતો હોવાથી શાક માર્કેટ સહિતના જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગના ધજાગરા ઉડ્યા હતા.
- ગાંધીનગર મનપાના ભાજપના વધુ એક ઉમેદવાર વોર્ડ નં. ૧૧ ના કોરોનાથી સંક્રમિત થયા છે.
- ગાંધીનગર જિલ્લામાં ગરમીનો પ્રકોપ આજથી ચાર દિવસ યથાવત રહેશે. મહેત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૨૪-૨૫ ડિગ્રી સે. રહેશે.
- ત્રિમંદિર, દાદા ભગવાન ટાઉનશીપમાં કોરોનાના કેસો નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.
- ગાંધીનગર શહેરમાં આજથી રાત્રિ કરફ્યુનો અમલ શરૂ થતો હોવાથી સાંજના સાત પછી તો ટ્રાફિક લગભગ બંધ થઈ ગયો હતો.

### પેઢામલી ગામે યોજાનાર શ્રીમદ દેવી ભાગવત નવાહ મહોત્સવ મોકુફ

ગાંધીનગર, તા. ૭

શ્રી રાધે રાધે પરિવાર, ગાંધીનગર દ્વારા આયોજીત પેઢામલી ખાતે યોજાનાર શ્રીમદ્ દેવી ભાગવત નવાહ મહોત્સવ હાલ પુરતો મોકુફ રાખવામાં આવ્યો છે. વૈશ્વિક કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી અને ગ્રામજનોમાં કોરોનાનુ સંક્રમણ ન ફેલાય તે માટે ગ્રામજનોની સહમતિથી શ્રીમદ દેવી ભાગવત કથાને મોકુફ રાખવાનો નિર્ણય લેવાયો છે જેની સર્વેએ નોંધ લેવી.

# કરફ્યુના લીધે શહેરી બસ સેવાની ૩૦ ટ્રીપો દોડશે નહીં

## રાત્રિના ૮ થી સવારના ૬ કલાક દરમિયાન બસના પૈડા થંભી જશે સોમનાથ દ્વારકાની વોલ્વો બસ પણ બંધ કરી દેવામાં આવી

ગાંધીનગર, તા. ૭

કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે સરકારે કરફ્યુની જાહેરાત કરી દીધી છે. જ્યારે કરફ્યુના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચેના શહેરી રૂટમાં દોડતી સલામત સવારીના રૂટો પણ બંધ કરવાની ફરજ પડી છે. રાત્રિના ૮ થી સવારના ૬ કલાક સુધી કરફ્યુ દરમિયાન શહેરી બસ સેવાના ૩૦ જેટલી ટ્રીપો દોડશે નહીં આ ઉપરાંત દ્વારકા સોમનાથ વોલ્વો બસ પણ બંધ કરી દેવામાં આવી છે.



કોરોના સંક્રમણ કાળમાં એસ ટી બસમાં ટ્રાફિકમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. એસ ટીમાં માંડ ૪૦ ટકા ટ્રાફિક જ સલામત સવારીમાં મુસાફરી કરે છે. ત્યારે સરકારે કરફ્યુની જાહેરાત કરતા હવે રાત્રે ૮ થી સવારે ૬ વાગ્યા સુધી ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા પણ બંધ રહેશે. જે અન્વયે એસ ટી ના ૩૦ જેટલી ટ્રીપો દોડાવાશે નહીં. કોરોનાના વધતા સંક્રમણને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવામાં પણ કાપ મુકાયો છે. અલબત્ત હવે તો કરફ્યુના સંજોગોમાં આમ પણ બસો દોડાવી શકાય તેમ નથી પરંતુ કોરોનાના કેસ વધ્યા ત્યારથી જ આમ નાગરિકો એસ ટી બસમાં મુસાફરી કરવાનુ ટાળી રહ્યા છે. જેના લીધે ગાંધીનગર ડેપોની આવકમાં પણ ધરખમ ઘટાડો થયો છે. ગત દિવસોમાં લાંબા લોકડાઉન બાદ એસ ટી ના પૈડા માંડ ટ્રેક પર દોડતા થયા હતા જ્યારે આવક પણ અગાઉની જેમ થવા માંડી હતી પરંતુ છેલ્લા કેટલાક દિવસોથી સતત વધતા કોવિડના કેસના લીધે એસ ટી બસમાં મુસાફરી કરવાનુ જોખમી બન્યુ હોવાનુ માનતા મુસાફરો કે અન્ય અપડાઉનકર્તાઓ સલામત સવારીમાં બેસવાનુ પસંદ કરતા નથી. કોરોનાના કહેરને ધ્યાને લઈ સરકારે રાત્રિના ૮ થી સવારના ૬ કલાક સુધી કરફ્યુ જાહેર કર્યો છે ત્યારે આ સ્થિતિ વચ્ચે ગાંધીનગર ડેપોની બસ સેવા પણ ખોરવાઈ છે. અલબત્ત કરફ્યુ સમયમાં ગાંધીનગર અમદાવાદ વચ્ચેના રૂટમાં દોડતી ૩૦ જેટલી ટ્રીપો કરફ્યુના સમયગાળા દરમિયાન બંધ કરવા નિર્ણય લીધો છે. આ ઉપરાંત ગાંધીનગર ડેપોમાંથી દોડતી દ્વારકા સોમનાથ ની વોલ્વો બસ સેવા પણ બંધ કરી દેવામાં આવી છે. એકબાજુ સંક્રમણ વધી રહ્યુ છે. ત્યારે જાહેર જગ્યાએ ભીડ એકત્રિત ન થાય તે માટે પણ નાગરિકોને સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. આવા સંજોગોમાં ગાંધીનગર ડેપોમાં પણ લોકડાઉન જેવી અસર વર્તાઈ રહી છે.

# નિવૃત અધ્યાપકોને સાતમા પગાર પંચ મુજબ પેન્શનની રકમ મળતી નથી

## સાતમા પગાર પંચ મુજબ પેન્શન મંજુર થયા બાદ તિજોરી કચેરીએ વાંધો કાઢયો : તાપી અને વડોદરામાં પેન્શનરોને લાભ મળ્યો : ગાંધીનગરમાં હજુ વિલંબ : પાટનગરમાં દિવા તળે અંધારુ : નિવૃત અધ્યાપકોનો રોષ

ગાંધીનગર, તા. ૭

નિવૃત અધ્યાપક પેન્શનરોને પેન્શનમાં સાતમા પગારપંચ મુજબ મળતા પેન્શનનો લાભ હજુ સુધી મળ્યો નથી. શિક્ષણ કમિશ્નરે મંજુરી આપ્યા બાદ પણ હાલ આ મામલો તિજોરી કચેરીએ અટવાયો છે. અલબત્ત તિજોરી કચેરીએ વાંધો રજુ કરતા પેન્શન મંજુરીના અંતે પણ નિવૃત અધ્યાપકોને તેનો લાભ મળ્યો નથી. નાણાંમંત્રી કક્ષાએથી આ વાંધાનો ત્વરિત નિકાલ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી નિવૃત અધ્યાપકોએ કરી છે. આ મામલે મુખ્યમંત્રી તેમજ નાણાંમંત્રી સહીત શિક્ષણ વિભાગને પણ રજુઆત કરવામાં આવી છે.

નિવૃત અધ્યાપક પેન્શનર ઈન્દુભાઈ ભટ્ટે આ અંગે મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા અનુસાર નિવૃત અધ્યાપક પેન્શનરોને પેન્શનમાં સાતમા પગાર પંચનો લાભ આપવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરે તિજોરી કચેરીને ચુકવણુ કરવાનો આદેશ કર્યો હતો. જેના લીધે પેન્શનરોમાં આનંદની લાગણી વ્યાપી હતી પરંતુ તિજોરી કચેરીએ વાંધો કાઢતા આ મળવાપાત્ર લાભમાં રૂકાવટ ઉભી થઈ છે. પેન્શનરોના રંગમાં ભંગ પડયો છે. આનંદિત પેન્શનરો વ્યથિત બન્યા છે. એકબાજુ તાપી અને વડોદરા તિજોરી કચેરી દ્વારા પેન્શનરોને ચુકવણી થઈ ગઈ છે. પરંતુ ગાંધીનગરની કચેરીએ નાણાંવિભાગ સમક્ષ વાંધો રજુ કર્યો છે. તિજોરી નિયામકે નિવૃત અધ્યાપકોને મળતો સાતમા પગાર પંચ મુજબ પેન્શનનો લાભ આપવાની યોજના ઘોંચમાં નાંખતા પેન્શનરો પણ આક્રોશ પ્રવર્તયો છે. તિજોરી કચેરીએ રજુ કરેલા વાંધાનો નિકાલ કયારે આવે તેની તમામ પેન્શરો કાગડોળે રાહ જોઈ રહ્યા છે. નાણામંત્રી પણ આ વાંધાનો નિકાલ કરી પેન્શરોની લાગણીને ન્યાય આપે તેવી આશ સેવાઈ રહી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ